# હું, કબીર અને મંગળદાસ

- આનંદ રાવ
gunjan.gujarati@gmail.com

ભાડાની ગાડીમાં ગામડાઓના રસ્તાઓ ઉપર ફરતાં ફરતાં જાતજાતનાં ઢગલાબંધ મંદીરો દેખાતાં. એટલે સહજ રીતે મેં મારા ડ્રાયવર મંગળભાઈને પુછ્યું.

"મંગળભાઈ, આટલામાં ક્યાંય સંત કબીરનું મંદીર છે?"

"ના સાહેબ. સંત કબીરનું મંદીર આટલામાં ક્યાંય હોય એની મને તો ખબર નથી. પણ હમણાં આગળ ચાર રસ્તાની મોટી ચોકડી આવશે. ત્યાં બે ચાર હોટેલો છે. કોઈને પુછી જોઈશું."

ચાર રસ્તા આવી ગયા. જ્યાં જગ્યા દેખાઈ ત્યાં મંગળભાઈએ ગાડી ઊભી રાખી. ત્યાં પાર્કીન્ગ માટે કોઈ પટ્ટા દોરેલા ન્હોતા. મંગળભાઈ ચા પીવા નીચે ઉતર્યા. મારી બ્હારી પાસે આવ્યા.

"સાહેબ, તમારે પીવી છે? કંઈ ખાવુ પીવુ છે? તમારે માટે અહીં લઈ આવું?"

"ના...ના...મંગળભાઈ. તમે પતાવી આવો. મારી ઈચ્છા નથી."

"સારુ સાહેબ. કબીર મંદીર વીષે હું પુછતાછ કરુ છું."

મંગળભાઈ ગયા. થોડે દુર ગાડીમાં બેઠાં બેઠાં હું બધુ જોતો હતો. હોટલના છાપરા નીચે મુકેલી પાટલીઓ ઉપર પાંચ સાત જણા બેઠા હતા. કોઈ રકાબીથી ચા પીતા હતા તો કોઈ બીડીની મઝા માણતા હતા. બીડી અને પાનનું પ્રમાણ હવે બહુ ઓછુ થઈ ગયુ છે એ બહુ આનંદની વાત છે. નીચે પાટલીઓ પાસે, અધ્ધર પગે બેસીને ચારેક સ્ત્રીઓ એક જ પડીકામાંથી કંઈક ખાતી હતી. મંગળભાઈ આ બધાને કંઈક પુછ પરછ કરી રહ્યા હતા. ચા બનાવતા હોટલ માલીક સાથે પણ એમણે કંઈક વાતો કરી. ત્યાંથી એ સામેની બીજી હોટલ તરફ ગયા. ત્યાં આરામથી બેઠેલા ટોળામાં પણ એમણે કંઈક પુછ પરછ કરી. મને તો કંઈ સભળાતું ન્હોતું. પણ એ બધાના ઊંચા નીચા થતા હાથ ઉપરથી અને એમના હાવભાવથી થોડો અંદાજ આવતો.

ગાડીમાં બેઠો બઠો હું વીચારતો હતો કે આ વખતની ઈન્ડીયાની ટ્રીપ દરમીયાન દુર દુરના ઊંડાણમાં આવેલાં ગુજરાતનાં ઘણાં ગામડાંમાં ફરવા મળ્યું. ભાડાની ગાડી કરીને હું બધે ફરતો. ભાડે લીધેલી આ જુની ગાડીમાં મારો ડ્રાયવર મને આ બધા રસ્તાઓ ઉપર અને ગામોમાં ફેરવતો હતો. ડ્રાયવરનું નામ મંગળભાઈ. ૩૮-૪૦ વર્ષની ઉમ્મર લાગતી હતી. મોટી મુછો. શરીરનો બાંધો અને કદ સામાન્ય પણ તેજીલો આદમી. સ્વભાવે ભલો અને મીલનસાર. અભ્યાસ સાતમું ધોરણ નાપાસ. ત્રણ છોકરાંનો બાપ.

એર-કંડીશન વાળી ગાડીનું ભાડુ મોઘું થતુ હતુ એટલે મેં આ એર-કંડીશન વગરની જુની ગાડી જ લીધેલી. હું કહુ એ પ્રમાણે, ધીમી ગતીએ મંગળભાઈ ગાડી હાંકતા. રસ્તે આવતાં ગામો અને સ્થળો વીષે મને એમની સમજણ પ્રમાણે બધી માહીતી આપવા પ્રયત્ન કરતા. એ પોતે કોઈ માતાજીના ભકત હતા.

એક ગામથી બીજે ગામ જતાં રસ્તા ઉપર નાનાં મોટાં અસંખ્ય મંદીરો દેખાતાં. ગામની અંદરના ભાગમાં તો બીજાં ઘણાં મંદીરો હશે. આ તો ફકત રોડ ઉપરથી પસાર થતાં જે નજરે પડતાં એની જ વાત છે. આમાંનાં કેટલાંક મંદીરો વર્ષો જુના ઈતીહાસની સાક્ષી પુરતાં ઊભાં હતાં. ખંડીયેર જેવાં, વરસાદ અને તાપના મારાથી કાળા પડી ગયેલાં. કરોડોના ખર્ચે બંધાતાં કેટલાંક નવાં મંદીરોનું બાંધકામ પણ નજરે પડતું હતું.

ઝાડ નીચે, થડને અડીને, બાંધેલી નાનકડી ડેરીઓ તો ઠેર ઠેર દેખાતી. ડેરી પાસે ખોસેલુ નાનું ત્રીશુળ, એના ઉપર રંગ ઉડી ગયેલી ચુંદડીનો બાંધેલો ટુકડો, આમ તેમ પડેલાં થોડાં કોડીયાં, ... આવાં દશ્યો વારંવાર નજરે પડતાં. આ બધી નાની નાની ડેરીઓ કોણે, ક્યારે અને શા માટે બાંધી હશે એનો અભ્યાસ કોઈ કરે તો કદાચ ઘણી રસપ્રદ માહીતી મળે. પણ આવા બધા અભ્યાસની લમણાફોડ કરવામાં કોને રસ છે? કદી સાંભળ્યા ના હાય એવાં દેવ-દેવીઓનાં નામ પણ સાંભળવા મળતાં. દેવ-દેવીઓનાં નામ મેં સાંભળ્યાં ના હોય તો એ મારું અજ્ઞાન ગણાય. એ અજ્ઞાનતા હું સ્વીકારી લઉ છું.

ચા-નાસ્તો પતાવીને, મોઢામાં કંઈક ચાવતા ચાવતા મંગળભાઈ ગાડી પાસે પાછા આવ્યા. બારણું ખોલીને અંદર બેસતાં એ બોલ્યા. "સાહેબ, અહીં આ લોકોને પણ કંઈ ખબર નથી."

"સારુ જવા દો." મેં પણ વાત પડતી મુકી. કબીરજીનાં મંદીરો આમેય ઠેર ઠેર ક્યાં હોય છે? મને કબીરનો દોહો યાદ આવી ગયો. **ના મૈં મંદીર, ના મૈં મસ્જીદ, ના મૈં કાબે કૈલાસ** ...

મેં **"કબીર-ધાબા"** જેવુ કંઈક સાંભળ્યું છે જ્યાં કબીરજીના સીધ્ધાંત અનુસાર ભુખ્યાને રોટલો અને થાકેલાને ઓટલો આપવામાં આવે છે.

હું મૌન બેઠો હતો. ત્યાં મંગળભાઈ બોલ્યા.

"તે સાહેબ, તમે સંત કબીરના ભકત છો?" મંગળભાઈએ ગાડી રસ્તા ઉપર લીધી અને આ સવાલ પુછયો.

"અરે મંગળભાઈ, કોઈના પણ ભકત થવું એ સહેલું નથી. પણ કબીરજી જે કંઈ કહી ગયા છે તે મને સૌથી વધારે ગમે છે. કબીરની વાણી અદભુત છે."

"સાહેબ, હું તો અભણ માણસ કહેવાઉ. કબીરનું ફકત નામ જ સાંભળ્યું છે. એથી વધારે કંઈ ખબર નથી. વીરપુરવાળા જલારામબાપા કે શીરડીના સાંઈબાબા જેવાં જાત્રાનાં ધામોમાં તો હું કેટલીયે વખત લોકોને લઈને ગયો છું. લોકો ત્યાં બાધા આખડી અને માનતા ઉતારે એટલે એ સંતો વીષે બહુ સાંભળ્યું છે. પણ સંત કબીર વીષે કશુ જાણતો નથી. મને થોડુંક એમના વીષે કહો તો બહુ સારુ. એમનું કોઈ મોટુ જાત્રાનું ધામ છે?" મંગળભાઈની જ્ઞાન પીપાસાથી મને આનંદ થયો. મેં કહેવા માંડ્યું.

"મંગળભાઈ, કબીરજી અનોખા સંત હતા. આજથી આશરે છસો વર્ષ પહેલાં કાશીમાં થઈ ગયા. એ વખતની જુની હીન્દી ભાષામાં એ "દોહા" બોલતા. દરેક દોહામાં બે જ લાઈન હોય. એમના એકે એક દોહા અને ભજનોમાં જીંદગી વીષેની ભારોભાર શીખામણ ભરેલી છે. એમના આ બધા દોહા અને ભજનો જે ગ્રંથમાં છે એ ગ્રંથને બીજક-ગ્રંથ કહેવાય છે."

એટલામાં અમારી બાજુમાંથી ત્રણ મોટી ટ્રકો ધમધમ કરતી પસાર થઈ. એમાં મંડપો બાંધવાનો સામાન, ગાદલાં અને ખુરશીઓ ભરેલી હતી.

"મંગળભાઈ, કોઈકને ત્યાં મોટાં લગન લાગે છે."

"ના સાહેબ, હમણાં આપણે જે ગામ પાછળ છોડ્યું ને, ત્યાં તુલસીદાસના રામાયણની કથા એક બે દીવસમાં શરુ થવાની છે.

એનો મોટો મંડપ બંધાય છે. કોઈ મોટા સંત કથા કરવા આવવાના છે." બહુ ઉત્સાહમાં આવીને મંગળભાઈએ રામાયણ-કથા અને ભાગવત સપ્તાહની બીજી વાતો પણ કરી.

મને થયું કે આ "કથા" અને "સપ્તાહ"ની સાહુકારી પેઢીઓ ખોલીને બેસી ગયેલા "સંતો"એ મંગળભાઈ જેવા સામાન્ય માનવીના મન ઉપર કેવો કાબુ લઈ લીધો છે! ભોળી પ્રજાના પૈસે એ લોકો કેવા વૈભવમાં જીવે છે! લોકો આ "સંતો" અને બાપુઓનાં દર્શન કરવા, એમનાં ચરણસ્પર્શ કરવા કલાકોના કલાકો તાપ તડકામાં રાહ જોતા ઊભા રહે છે!

"સાહેબ, આપણી સંત કબીરની વાત આગળ ચલાવો. સંત કબીર લોકોને ઉપદેશ આપવા આ રીતની કથાઓ કે સપ્તાહ કરતા?"

"મંગળભાઈ, કબીર લોકોને ઉપદેશ તો આપતા જ હતા. પણ એમની રીત જુદી હતી. અનોખી રીત હતી. ઉપદેશના બદલામાં એ ધન ભેગુ ન્હોતા કરતા. એ કદી આ રીતની "કથા" અને "સપ્તાહ"નો આડંબર કરીને ધનના ઢગલા ન્હોતા કરતા. આજના આ બધા કથાકારોની જેમ કબીર કદી આપણા ગ્રંથોમાં લખાએલી એકની એક કથાઓને ચાવી ચાવીને લોકોને કહ્યા કરતા ન્હોતા. એમણે કદી એવી ચવાઈને સ્વાદ વગરની થઈ ગયેલી કથાઓમાં પોતાનો મસાલો ભરી ભરીને લોકોને ભરમાવ્યા નથી. એમણે કદી ક્યાંયથી જ્ઞાન ઉધાર લીધુ નથી. કોઈની પાસેથી કે આમતેમથી પોપટીયુ જ્ઞાન ભેગુ કરીને એ બીજા લોકોને વેચતા ન્હોતા. એ ધર્મના વેપારી ન્હોતા. કબીર તો સ્વયંભુ હતા. એટલે કે જ્ઞાનની ધારા એમના અંતરમાંથી જ ફુટતી. એ જે કાંઈ કહેતા તે એમના સ્વાનુભવમાંથી જ કહેતા. ધર્મના નામે ચાલતાં ધતીંગ, દંભ, ઝગડા, પાખંડ આ બધુ એ પોતાની નજરે જોતા. ધર્મના નામે પંડીતો અને મુલ્લાઓ ગરીબ ભોળી પ્રજા ઉપર જે જુલમ ગુજારતા એના કબીર સાક્ષી હતા. અને આ પાખંડીઓના પંજામાંથી ભોળી પ્રજાને બચાવવા એ સતત બહાદુરીથી લઢયા કરતા. સાચો ધર્મ કોને કહેવાય તે લોકોને સાદી સીધી સરળ, મીઠી મધ જેવી ભાષામાં સમજાવતા. પણ એમની આ મીઠી મધ જેવી ભાષા મુલ્લાઓ અને પંડીતોને તો તેજાબની જેમ બાળતી. એમનું જ્ઞાન આ પંડીતો અને મુલ્લાઓ સહન કરી શકતા ન્હોતા. એમને તો કબીર એમનો ધંધો બગાડનાર દુશ્મન જેવા લાગતા.

કબીર પોતે પંડીત ન્હોતા. કશુ ભણેલા ન્હોતા. સાદા, નીર્મળ હૃદયના માણસ હતા. એટલે કોઈ મોટા મોટા સીધ્ધાંતોની વાતો કરીને એ લોકોને ગુંચવાડામાં ન્હોતા નાખતા. એ કહેતા કે ધર્મની પોથીઓ વાંચ વાંચ કરવાથી કોઈ પંડીત બનતું નથી અને કદી બનશે પણ નહી. પરંતુ લોકોના હૃદયમાં રહેલો પ્રેમ જેને વાંચતાં આવડે તે સાચો પંડીત બને છે. બધા પ્રત્યે સમભાવ રાખીને, કપટ વીનાનું જીવન જીવીએ તો ભગવાન સામે ચાલીને તમારે ઘેર આવે એવું એ બધાને કહેતા. એટલે સંત કબીરે બતાવેલો રસ્તો બહુ જ સરળ છે. સીધો છે. ક્યાંય મોટા મોટા અટપટા નીતી-નીયમો કે લાંબી લાંબી કર્મકાંડની વીધીઓના ગુંચવાડા નથી. આંટીઘુંટીઓ નથી."

ગાડી ચલાવતાં ચલાવતાં મંગળભાઈ મારી વાતો એક ચીત્તે બહુ ધ્યાનથી સાંભળતા હતા. મને પણ આનંદ થતો હતો.

એટલામાં એક મોટર સાયકલવાળો ઝુમ કરતો અમારી ગાડી પાસેથી પસાર થઈ ગયો. પછી સામેથી આવતા ટ્રકવાળાને સાઈડ આપવા મંગળભાઈએ અમારી ગાડી સહેજ બાજુમાં દબાવી. થોડા આગળ ગયા ત્યાં રસ્તા વચ્ચે ચાલતી ભેંસોના ટોળાને ચેતવવા મંગળભાઈએ હોર્ન શરુ કર્યુ. પણ આ ભેંશો અને ઘેટાં બકરાંનાં ટોળાં હોર્નને બહુ ગણકારતાં નથી. એમને માટે તો આ રોજનું થયું. મંગળભાઈ બહુ સાવચેતીથી ગાડી એમની વચ્ચેથી કાઢી લેતા. મને યાદ આવતું કે આ ભારતના રસ્તા છે. ભારતનો વાહનવ્યવહાર છે. ભારતની જીવન શૈલી છે. અમેરીકાની નહી. આ બન્ને જીવન શૈલીને પોતપોતાની આગવી સુગંધ છે. આગવી ફોરમ છે. અને એ માણવાની પણ એક ઑર મઝા છે.

કેટલાક રસ્તાની બાજુમાં ગેરૂઆ અને ધોળા રંગે રંગેલાં થડવાળાં ઝાડ જોઈને મનમાં કંઈક વીશીષ્ટ લાગણીનો અનુભવ થતો. ક્યારેક એ ઝાડવાં નીચે, ઘાસનો ભારો માથેથી ઉતારી થાક ખાવા બેઠેલી સ્ત્રીઓ કે બીડીનો એકાદ દમ મારી લેવા બેઠેલા વૃધ્ધ પુરુષોને જોઈને મારું બાળપણ યાદ આવી જતું. પોતાની સાયકલનો ટેકો લઈને ઊભેલા જુવાનીયા પણ ત્યાં દેખાઈ જતા. ગામની ભાગોળેથી પસાર થતાં માંદલાં જેવાં કુતરાં પણ રસ્તે આડાં ઉતરી જતાં. મારા ડ્રાયવર મંગળભાઈ તો આ બધાથી બરાબર ટેવાયેલા હોય એ સ્વાભાવીક હતુ. એમણે પાછુ કબીરજી વીષે પુછ્યું.

"સાહેબ, આ સંત કબીર કાશીમાં કઈ નાતમાં જન્મેલા? જેમ લોકો કહે છે કે ઠક્કરબાપા લુહાણા જ્ઞાતીના હતા. એમ કબીર.....?" અમારી આગળ ચાલતી ઊંટગાડી વાળાનું ધ્યાન દોરવા મંગળભાઈએ હોર્ન માર્યુ. ઊંટગાડી વાળાએ હાથ હલાવીને સાઈડ આપી દીધી.

મંગળભાઈના મનમાંથી હજુ નાત-જાતનું વળગાડ નીકળ્યુ નથી. એમાં એમનો પણ વાંક ન ગણાય. કબીર જેવા કોઈ સંતે એમને એ શીખવાડ્યું નથી.

"મંગળભાઈ, સંત કબીરના જન્મ પાછળ અનેક જાતની ચમત્કારીક લોકકથાઓ વહેતી થઈ છે. આમ તો બધા જ સંતો માટે આ રીતની ચમત્કારી વાતો એમના ભક્તો અને અનુયાયીઓ ઉપજાવી કાઢતા હોય છે. પણ મંગળભાઈ, એ બધા ચમત્કારો આપણે માની લેવા જોઈએ નહી. એ બધી વાર્તાઓ પાછળ કંઈ રહસ્ય છે કે કેમ તે શોધવા અને સમજવા આપણે પ્રયત્ન કરવો જોઈએ. કબીરના જન્મ વીષે કહેવાય છે કે એમનો જન્મ એક વીધવા જુવાન બ્રાહ્મણ સ્ત્રીના પેટે થયો હતો. એક સાધુ મહાત્માને આ સ્ત્રી પગે લાગેલી એટલે મહાત્માએ તરત આર્શીવાદ આપ્યો કે "પુત્રવતી ભવ". મહાત્માને ખબર ન્હોતી કે એ વીધવા હતી. ખબર પડ્યા પછી સાધુ મહારાજે પોતાની ભુલ સુધારવા વચલો માર્ગ કાઢયો અને કહ્યું કે તારો આ પુત્ર બીજાં બધાં બાળકો જન્મે છે એ રીતે તારા પેટના ગર્ભમાંથી નહી જન્મે. એ તારા હાથની હથેળીમાંથી જન્મ લેશે. માટે એનું નામ "કરવીર" પડશે. વખત જતાં ધીમે ધીમે એ "કરવીર" નામમાંથી "કબીર" બની ગયું. મંગળભાઈ, કબીર જેવા મહાન પુરુષ કોઈ સામાન્ય અને તે પણ વીધવા સ્ત્રીના ગર્ભમાંથી જન્મે એ વાત એ વખતના લોકો સ્વીકારી શકતા ન્હોતા. એટલે આ ચમત્કારીક વાત જોડી દીધી.

વીધવા બ્રાહ્મણીએ બાળકને જન્મ તો આપ્યો પણ સમાજની બહીકે એ વીધવા બાઈ પોતાના તાજા જ જન્મેલા આ બાળકને લહરતારા નામના સરોવરને કીનારે, કમળનાં પાંદડાંમાં ચુપચાપ મુકી આવી. ત્યાંથી પસાર થતા નીરુ અને નીમા નામના એક મુસલમાન વણકર દંપતીએ બાળકના રડવાનો અવાજ સાંભળ્યો અને તરત એને ઉઠાવીને ઘરે લઈ આવ્યાં. દીકરો મળ્યાના હરખથી એમનાં હૈયાં ભરાઈ ગયાં.

મંગળભાઈ, આપણે એક વસ્તુ સમજવાની રહી કે હાથની હથેળીમાંથી કદી બાળક જન્મે નહી અને આર્શીવાદ આપવાથી પણ

કદી બાળક જન્મે નહી. કબીરના જન્મ માટે આ રીતની વાતો ભલે હોય પણ આપણે તો એટલુ સમજવાનું કે કબીર જન્મ્યા બ્રાહ્મણના ઘરમાં અને એમનો ઉછેર થયો મુસલમાનના ઘરમાં. એટલે કબીરને અનોખો લાભ મળ્યો. હીન્દુ અને મુસલમાન ધર્મનો સંગમ એમનામાં થયો. એમને બન્ને ધર્મોના રીતરીવાજો જાણવા મળ્યા. બન્ને ધર્મોની સારી વાતો શીખવા મળી અને બન્ને ધર્મોના ડોળ-દંભ અને ધતીંગ પણ જોવા મળ્યા. એટલે કબીર બન્ને ધર્મના ધર્મગુરુઓને એમના ધતીંગો માટે બહુ નીંભયતાથી કહી શકતા. એમને કોઈનો ડર ન્હોતો. એ હીંન્દુ પંડીતોથી ડરતા ન્હોતા કે મુસલમાન મુલ્લાઓથી પણ ડરતા ન્હોતા. એ તો આકાશમાં વીજળીના કડાકા ભડાકા થતા હોય અને મેઘ ગર્જના કરતો હોય એવા બુલંદ અવાજે જે સત્ય હોય તે બધાને સંભળાવી દેતા. એટલા માટે જ એવું કહેવાય કે કબીર એક અજોડ સંત થઈ ગયા. કબીરજી લોકો સાથે સત્સંગ કરતા ત્યારે એ જે બોલતા એને "દોહા" કહેવાય છે. એમના આ બધા દોહાઓમાં જીંદગી વીષેની સાચી સમજણ ભરેલી છે. ક્યારેક ભજનો પણ ગાતા.

"સાહેબ, આ કબીરજીના ગુરુ કોણ હતા?"

"આમ તો એમના કોઈ ગુરુ ન્હોતા. પણ મેં કહ્યું તેમ, લોકો બધા એવું માનતા હોય છે કે ગુરુ વીના જ્ઞાન થાય નહી. કોઈ માણસ કદી પોતે પોતાની જાતે આટલું બધુ જ્ઞાન મેળવી શકે નહી. એને કોઈક ગુરુ જોઈએ જ. જ્ઞાનથી ધોધમાર વહેતા કબીર જેવા મહાન માણસને કોઈ ગુરુ ના હોય એ વાત લોકોથી સહન જ થતી ન્હોતી. એટલે લોકોએ એક વાર્તા બનાવીને રામાનંદ નામના એક સ્વામીનું નામ એમના ગુરુ તરીકે જોડી દીધું. લોકો આ રીતની ચમત્કારીક વાતો જોડીને પોતે સંતોષ અનુભવે છે. મંગળભાઈ, એક વસ્તુ ધ્યાન રાખો કે માણસ ધારે તો પોતાની મેળે જ જ્ઞાન મેળવી શકે. પોતાની મેળે જ પોતાની સમજશકતીને વીકસાવી શકે. કોઈ ગુરુની જરુર પડતી નથી. પરંતુ લોકોને આ વાત ગળે ઉતરતી ન્હોતી. બધાને એવું લાગવા માંડ્યુ કે કબીર જેવા ઘુઘવતા દરીયા જેવા જ્ઞાની માણસને કોઈ ગુરુ ના હોય એ કેમ બને?. ગુરુ વગર એ આટલા બધા જ્ઞાની બની જ ના શકે. લોકોને તો કશી ખાત્રી ન્હોતી કે કબીર ખરેખર હીન્દુ હતા કે મુસલમાન હતા. કબીરની નાત-જાત કઈ છે એ વીષે પણ લોકોને સાચી ખબર ન્હોતી. રામાનંદ આવા નાતજાત વગરના બાળકને પોતાના શીષ્ય તરીકે સ્વીકારે એવી કોઈ શક્યતા ન્હોતી. કબીરને પણ એ ખબર હતી કે રામાનંદ જેવા સ્વામી પોતાને કદી એમના શીષ્ય તરીકે સ્વીકારશે નહી. એટલે લોકોએ આ વાર્તા ઉપજાવી કાઢી. સાંભળો - એક વહેલી સવારના અંધારામાં કબીર ગંગાઘાટ ઉપર જઈને ઘાટના પગથીયા ઉપર ચુપચાપ સુઈ ગયા. રામાનંદ ત્યાંથી જ રોજ પોતાના નીત્યકમ માટે ગંગામાં જતા. જેવા રામાનંદ બે ત્રણ પગથીયાં ઉતર્યા કે એમનો પગ પગથીયા ઉપર ટુંટીયુ વાળીને સુતેલા કબીરને અડી ગયો. કોઈકને પોતાનો પગ અડી ગયો એ દુખથી રામાનંદના મોંમાંથી શબ્દો નીકળી પડ્યા "રામ...રામ...રામ..." કબીરે આ શબ્દોને પોતાનો ગુરમંત્ર માની લીધો અને રામાનંદને પગે પડી ગયા. તે દીવસથી રામાનંદને પોતાના ગુરુ બનાવી લીધા. આ રીતની આ વાર્તા છે.

મંગળભાઈ, કબીરજીને ગુરુ કેવી રીતે મળ્યા એની આ વાર્તા મેં તમને કહી. પણ તમે થોડો વીચાર કરો કે રામ રામ રામના આ બેત્રણ શબ્દો કાને પડી જવાથી જો કબીર જેવા જ્ઞાની બની જવાતુ હોય તો તો જોઈએ શું!! રામાનંદના પગ અડકી જવાથી કબીર જ્ઞાની નથી થયા. આ બધી તો લોકોએ પોતાના સંતોષ ખાતર ઉપજાવી કાઢેલી વાતો છે. લોકો જાણે છે કે પોતે તો કબીર જેવા થઈ શકવાના નથી. એટલે છેવટે બોલી નાખે છે કે "અરે ભાઈ, કબીર તો ભગવાન છે...ભગવાનના અવતાર છે...આપણે થોડા કંઈ ભગવાન છીએ? એટલે એમના જેવા ક્યાંથી થવાય" એમ કરીને માણસ છુટી જાય છે. માણસનો આ સ્વભાવ છે. અને પછી એ સંતની પુજા, દીવા, અને આરતી કરી એમને ભગવાન બનાવી દે છે. આપણી આળસ, આપણી અશકતી અને આપણી ખોરી દાનત છુપાવવા આપણે સંતોને ભગવાન બનાવી દેતા હોઈએ છીએ. એમની પાછળ દૈવી તત્વો જોડીને ચમત્કારીક ઘટનાઓની વાતો ફેલાવવા માંડીએ છીએ.

બીજી પણ એક વાત સાંભળો મંગળભાઈ. એક બહુ મોટા પ્રોફેસર, બહુ મોટા વીદ્વાન માણસ થઈ ગયા. મોટા વીચારક હતા. એમનું નામ રજનીશ. લોકો એમને "ઓશો" તરીકે પણ ઓળખે છે. એ ઓશો કબીર વીષે એવું કહે છે કે એક વખત જે કબીરને ઓળખી લે છે તે પછી કદી એમને ભુલી શકતો નથી.

મંગળભાઈ, ઘણીવાર લોકો કહે છે કે અમારા ગામમાં જૈન મુની આવ્યા હતા, બુધ્ધ સાધુ આવ્યા હતા, હીન્દુ સંન્યાસી આવ્યા હતા. અરે આ શું! આ મુનીએ, આ સાધુએ, આ સંન્યાસીએ તો ઘરબાર છોડયાં. માબાપ છોડયાં, ભાઈ-બહેનો છોડી દીધાં, સંસારની બધી ભૌતીક બાબતોનો મોહ છોડી દીધો, તમામ સંસારીક સુખોનો ત્યાગ કરી દીધો. મુની બની ગયા. સાધુ બની ગયા. સંન્યાસી બની ગયા. છતાં હજુ એમનાં નામ આગળ આ "હીન્દુ" સંન્યાસી, "જૈન" મુની, "બુધ્ધ" સાધુ જેવાં નાનાં નાનાં ટપકાં લગાડે રાખે છે! આ બધાં "હીન્દુ", "જૈન", "બુધ્ધ" વગેરેનાં નાનાં નાનાં કુંડાળાંનો ત્યાગ નથી કરી શક્યા! આ નાનાં નાનાં વર્તુળમાંથી બહાર નીકળી શક્યા નથી!

મંગળભાઈ, કબીર સાહેબને આવું કોઈ કુંડાળુ ન્હોતુ. એ કોઈ એક ધર્મના કે એક સંપ્રદાયના સંત ન્હોતા. એ એવી કોઈ સાંકડી મર્યાદામાં પુરાએલા ન્હોતા. એ કોઈ એક પંથનો પ્રચાર કરવવાળા સંત ન્હોતા. એ તો સાગર જેવા હતા. એ કશા પણ મોહ વીનાના મુકત જીવ હતા. એ તો મુળ તત્વને સમજી ગયા હતા. માટે એ સાચા "સંત" કહેવાયા. હું તમને એમનો હીન્દી દોહો સંભળાવું. એ કહે છે :

**કબીર તેઇ પીર હૈ, જો જાને પર પીડ**
**જો પર પીડ ન જાન હી, વો કાફીર બેપીર.**

એટલે કે : એ જ સાચો પીર છે, સંત છે, જે પારકાની પીડા સમજે છે. જે પારકી પીડા ના સમજે કાફર છે, ધુતારો છે.

એમની આ સચ્ચાઈ અને સીધ્ધીની હીન્દુ પંડીતોને અને મુલ્લાઓને બહુ ઈર્ષા થતી. એ લોકો કબીરની વીરુધ્ધ એ વખતના મુસલમાન રાજા સીકંદર લોદીના કાન બહુ ભંભેરતા. કાચા કાનનો સીકંદર કબીરનાં અપમાન કરતો, હાંસી ઉડાવતો, જાત જાતની શીક્ષાઓ કરતો. એમના ઉપર અનેક જાતના જુલમ ગુજારતો. છતાં કબીર પોતાની શાંતી કદી છોડતા નહી. જનતા પ્રત્યેનો એમનો પ્રેમ એવો જ સતત, નીરંતર વહ્યા કરતો. એમનામાં પેલા પંડીતો, મુલ્લાઓ કે સીકંદર બાદશાહ પ્રત્યે કદી વેર ભાવના જાગતી નહી. એમનામાં ક્યારેય ક્રોધની આગ સળગતી નહી. સાચા સંતનું આ લક્ષણ કહેવાય. મંગળભાઈ, સંત કબીરના જીવન વીષે આવી તો ઘણી બધી વાર્તાઓ પ્રચલીત છે. પણ એ બધી વાતોનો મર્મ, એ વાતોનો અર્થ સમજવો જરુરી છે. પણ લોકો સમજવાની તસ્દી લેતા નથી.

કબીરના સંસાર વીષે, એમની પત્ની લોઈ વીષે, એમના દીકરા કમાલ વીષે કે એમની દીકરી કમાલી વીષે વાત કરીએ તો કેટલાક લોકો તો એ સાંભળવા જ નથી માગતા. ક્યારેક તો લોકો ગુસ્સે થઈ જતા હોય છે. એ લોકો એવું જ માનતા હોય છે કે કબીર જેવા મહાસંત પુરુષ બ્રહ્મચારી જ હોય. એ પરણેલા હોઈ શકે જ નહી.

બીજી એક વાત કહુ મંગળભાઈ. સાંભળો. કબીરજી આખી જીંદગી હીન્દુઓ અને મુસલમાનોને એમના ઝગડા ભુલીને ભાઈચારાથી રહેવા સમજાવતા રહ્યા. હીન્દુઓ તથા મુસલમાનો એમની વાતો સાંભળતા પણ ખરા. પરંતુ આખરે તો માણસ જાત ને. માણસ જાત બહુ હઠીલી છે. સાચી વાતનો જલ્દી સ્વીકાર કરતી નથી. સત્યને સ્વીકારવા તૈયાર નથી. આખી જીંદગી હીન્દુ-મુસ્લીમની એકતા માટે ઝઝુમનાર કબીરજી જ્યારે ગુજરી ગયા ત્યારે હીન્દુઓ અને મુસલમાનો ઝગડી પડ્યા. મુસલમાનો કહેવા લાગ્યા કે અમે કબીરજીને જમીનમાં દફનાવીને એમનો અંતીમ વીધી કરીશું. હીન્દુઓ કહેવા લાગ્યા કે અમે એમનો અગ્ની સંસ્કાર કરીશું. કબીરજીના મડદા માટે પણ આ લોકો ખુબ ઝગડ્યા. આટલી અણસમજુ છે માણસ જાત. કહેવાય છે કે આ શીષ્યોએ જ્યારે કબીરના મૃત દેહ ઉપરથી ચાદર ખોલીને નીચે જોયું તો ત્યાં મૃતદેહને બદલે ફુલ હતાં. હીન્દુઓ અને મુસલમાનોએ એ ફુલ વહેંચી લીધાં અને પોતપોતાની રીતે જરુરી વીધી કર્યો. માણસ જાત "ધર્મ" શબ્દનો અર્થ સમજ્યા વીના કેવા વીખવાદ કરે છે એનું આ ઉદાહરણ છે."

કબીરજી વીષેની મારી વાતોથી મંગળભાઈ વીચારે ચઢી ગયાં. ચુપચાપ ગાડી ચલાવતા રહ્યા. પછી બોલ્યા.

"સાહેબ, સંત કબીરની સરખામણીમાં તો આજકાલના આ બધા સંતો કેવા ગણાય! આજે તો મોટા મોટા મંડપોમાં ભપકાદાર શણગારેલાં ઊંચા આસનો ઉપર બેસી, લાઉડ સ્પીકર ઉપરથી રામકથા અને ભાગવતની વાર્તાઓ કહેનારા બધા જ "સંત" ગણાય છે. એમનાં નામ આગળ "સંત શ્રી" "સંત શીરોમણી શ્રી" એવું એવું બધા બોલતા હોય છે. એનું શું?"

"મંગળભાઈ, એ બધા દુકાનદારો છે. પોત પોતાની પેઢીઓ ખોલીને બેસી ગયેલા વેપારીઓ છે. એ સાધુઓ નથી. કબીર સાહેબની દ્રષ્ટીએ સાધુ કોને કહે વાય તે સાંભળો :

**સાધુ ગાંઠી ન બાંધઇ, ઉદર સમાતા લેત**
**ઉદર સમાતા અન્ન લૈ, તન હી સમાતા ચીર ...**

સાધુ કશુ ગાંઠે બાંધે નહી. કદી કશાનો સંગ્રહ કરે નહી. પેટ પુરતુ અનાજ લે અને શરીર ઢંકાય એટલું કાપડ રાખે.

મોટા ભાગના કથાકારો પાસે તો કરોડોની મીલ્કત હોય છે. એમના ધંધાનો પ્રચાર કરનારા માણસો છે. લોકો પાસેથી પૈસા લઈને ભોળી જનતાને ભગવાનનું નામ વેચે છે. ખુબ કમાય છે. પછી મોટ મોટા આશ્રમો બાંધે છે અને ખુબ શ્રીમંતાઈના ઠાઠમાઠથી જીવે છે. એમને કોઈ વાતની કશી કમી નથી રહેતી. આ બધા તો ભોળી પ્રજાની શ્રધ્ધાને દગો દે છે. શ્રધ્ધાળુઓને છેતરે છે. લોકોને પોતાના વાડામાં ખેંચીને પુરી રાખે છે. પોતે "ગુરુ" બની જાય છે અને નવા આવેલાઓને પોતાની કંઠીઓ બાંધી દે છે જેથી છટકીને બીજાના વાડામાં જતા ના રહે. એક વાર આવેલો માણસ પાછો છટકી ના જાય એટલા માટે જાત જાતના ટીલાં ટપકાં તથા નીતી નીયમો અને કર્મકાંડોમાં એ માણસને બરાબરનો પલોટી નાખે છે. પછી તો એ પણ બીચારો છટકી શકતો નથી. આ "ગુરુ"ને જ પુજે છે. એને બીજુ કશું દેખાતું નથી. આ બધા કથા કહેનારાઓ પોતાની આસપાસ એમને માનવાવાળા લોકોનાં મોટાં ટોળાં રાખે છે. મંગળભાઈ, કબીરસાહેબની દ્રષ્ટીએ તો સંત એને કહેવાય કે જે પેટની ભુખ સંતોષાય એટલું જ અનાજ લે અને શરીર ઢંકાય એટલું કાપડ લે. સંત કદી કશાનો સંગ્રહ કરે નહી. પોતાને બારણે આવી ચઢેલી વ્યકતીને સંત કદી ભુખી તરસી ના જવા દે. અને મંગળભાઈ, સાચો સંત કદી આ હોમહવન અને યજ્ઞો કરી ધનના ઢગલા કરવાના માર્ગે જાય નહી. એટલા માટે સંત કબીરે ક્યારેય કોઈ ભગવાનની કથા વાર્તા કે હોમ હવન કર્યા નથી."

"સાહેબ, તમે એમ કહેવા માગો છો કે આ હોમ હવન બધુ નકામું છે?"

"મંગળભાઈ, હોમહવન અને યજ્ઞો તો રામાયણ-મહાભારતના જમાનાથી રાજા મહારાજાઓ અને રુષી મુનીઓ કરતા આવ્યાં છે. કેટલાંય નીંદોષ મુંગાં પ્રાણીઓને એ હોમની આગમાં જીવતાં હોમી દેવામાં આવતાં. સંસ્કૃતીના નામે હજારો વર્ષથી આ હોમહવનો અને જુદા જુદા યજ્ઞો થતા આવ્યા છે. છતાં પણ આજે આ દેશમાં અજ્ઞાન, ગરીબી, ભુખ, અભણતા, ગંદકી, પાણી તથા બીજી બધી ચીજ વસ્તુઓની તંગી, બીમારીઓ અને ભ્રષ્ટાચાર ... આ બધુ પુરજોશમાં છે. હોમ હવનો કરવાથી કશું મટયુ છે? આ બધા હોમ હવનો, કથા વાર્તાઓ અને ભજન કીર્તનોથી આપણા લોકો વીજ્ઞાનની રીતે વીચારવાની શકતી ગુમાવી બેઠા છે. સાચી દ્રષ્ટી ગુમાવી બેઠા છે. વાતાવરણનો, પર્યાવરણનો કોઈ વીચાર કરતું નથી. વસ્તી વધારા વીષે કોઈ વીચારતું નથી. અને મંગળભાઈ, બીજી એક વાત ધ્યાનથી સાંભળો. આપણા દેશના જે કંઈ થોડા ઘણા લોકો ભણી ગણીને સારુ કમાતા થાય છે એ લોકો પરદેશ જવાની તક માટે ટાંપીને બેઠા હોય છે. જેવી તક મળે કે તરત આ દેશ છોડીને પરદેશ ભાગી જતા હોય છે. પછી ત્યાં પરદેશમાં રહ્યા રહ્યા દેશની ગરીબીની દયા ખાઈને થોડા પૈસા દાનમાં મોકલીને પોતાનું મન મનાવતા હોય છે."

"સાહેબ, આજે તમારા ડ્રાયવર તરીકે મને ઘણું બધુ નવું નવું જાણવા મળે છે. આવું બધુ કોઈ દીવસ સાંભળ્યુ ન્હોતુ. મને તો..."

"મંગળભાઈ, તમને ખોટું ના લાગે તો એક વાત પુછુ?"

"સાહેબ, તમારી વાતો તો મારી આંખ ઉઘાડતી હોય એવું લાગે છે. મને કશુ જ ખોટું નહી લાગે...પુછો."

"તો મને કહો કે તમે આ તમારા કાંડા ઉપર આટલા બધા દોરા ધાગા શા માટે બાંધ્યા છે? તમે જાતે બાંધ્યા છે કે બીજા કોઈએ બાંધ્યા છે?"

"સાહેબ, આ તો મારા ઘરે માતાજીનો હવન કર્યો'તો ત્યારે મ્હારાજે બાંધ્યા છે. એનાથી બધી રીતનું રક્ષણ મળે છે....બધી રીતે કુટુંબમાં સુખ મળે છે .... એવું મ્હારાજ કહે છે. આ કંઈ સાદા દોરા નથી."

"મંગળભાઈ, કાંડે બાંધેલા આ દોરાધાગાઓમાં કેટલી ધુળ, કેટલો પસીનો અને નરી આંખે ના દેખાય એવા કેટલા બધા જંતુઓ ભરાઈ રહેતા હોય છે એ તમને ખબર છે! બીમારીઓનું ઘર છે. આ બધા દોરાધાગા અને તાવીજ બાંધવાં એ બધાં વ્હેમનાં ઘર છે. બધો ઉપજાવી કાઢેલો ખેલ છે. એનાથી કોઈ રીતનું રક્ષણ મળતું નથી. લોકોને ઉલ્લુ બનાવી વગર મહેનતે ધુમ પૈસા કમાવાનું મોટુ તુત છે. આંધળી શ્રધ્ધા છે. તમારા જેવા ભોળા માણસોના મનને ખોટો સંતોષ, ખોટી આશા આપવા માટે ઉભુ કરેલુ ખોટુ કર્મકાંડ છે. સંત કબીર આવા બધા દોરાધાગા, માદળીયાં, તાવીજ, કંઠી, માળા, ટીલાં ટપકાં, ભુવા કે મંતર જંતરમાં માનતા ન્હોતા. મંગળભાઈ, ખોટુ ના લગાડશો."

"ના, ના, સાહેબ. આ બધી તમારી વાતો તો કંઈક જુદી જ લાગે છે."

"તમને મારી આ વાતો ગમતી હોય તો મને આનંદ છે. હવે એટલું કહો કે આ હવન અને આ દોરાધાગા બાંધવાના તમે મ્હારાજને પૈસા આપ્યા'તા?"

"સાહેબ, હોમહવનની દક્ષીણા તો આપવી જ પડે ને. એ તો ગૉર મ્હારાજ કહેવાય. બ્રાહ્મણ કહેવાય. એમની પાસેથી કશું મફત લઈએ તો પાપ લાગે. એમને તો આપવાનું જ હોયને."

કેવી અવળે માર્ગે દોરાઈ ગયેલી મંગળભાઈની માન્યતા! કેટલું આંધળાપણું! હું એમને ક્યાં સમજાવવા બેસુ કે આ વર્ણાશ્રમને લીધે જ હીન્દુ પ્રજાના ચાર ટુકડા થઈ ગયા છે. આજે પણ મંગળભાઈ જેવા કરોડો કુટુંબો છે જે આ વર્ણાશ્રમ અને એનાં ધાર્મીક કર્મકાંડોના જાળાંમાં બહુ અડગ શ્રધ્ધાથી ફસાએલાં છે.

"મંગળભાઈ, સાંભળો. સંત કબીર આ બ્રાહ્મણ, વાણીયા કે ક્ષુદ્ર જેવી નાતજાતમાં માનતા ન્હોતા. એમને મન તો બધા જ સરખા હતા. એમણે લખેલાં ભજનો અને દોહાઓમાં તો એ કહે છે કે 'અલ્યા બ્રાહ્મણભાઈ, આ જનોઈના તાંતણાની તારે ખરેખર જરુર હોત તો ભગવાને તને તારી માતાના પેટમાં જ આ જનોઈ પહેરાવીને જનમ ના આપ્યો હોત!"

મંગળભાઈ હસી પડ્યા.

"મંગળભાઈ, હવે મને એટલું કહો કે તમે કેટલી દક્ષીણા આપી'તી?"

"મ્હારાજ તો દરેકની શકતી પ્રમાણે લેતા હોય છે. બહુ ભલા મ્હારાજ છે. મેં તો ૩૦૧ રુપીયા આપેલા. અમારા આખા ગામમાં આ મ્હારાજ જ લગન, મરણ, વાસ્તુ, પુજા, કથાવાર્તા, સ્ત્રીઓનાં વ્રત વગેરે ... બધું એ જ કરાવે છે."

"મંગળભાઈ, તમને ખબર છે કે આ મ્હારાજ લોકો તમને બધી રીતનાં નાનાં મોટાં મૌરત પણ ચોપડીમાં જોઈને કાઢી આપે છે! સારાં ખોટાં ચોઘડીયાં પણ જોઈ આપે! ચોઘડીયું બરાબર ના હોય અને યજમાનને એ જ ટાઈમે કામ કર્યા વીના છુટકો ના હોય તો મ્હારાજ "જાપ" કરીને એ ચોઘડીયાને સુધારી આપે. થોડી વધારાની દક્ષીણા યજમાને મ્હારાજને આપવી પડે. મંગળભાઈ, અડગ વીશ્વાસથી મહેનત કરનારને કોઈ મહુરત કે ગ્રહ આડો આવતો નથી."

મંગળભાઈ પાછા ખડખડાટ હસી પડ્યા.

"સાહેબ, એવું બને જ છે. મ્હારાજ તરત જ ફાવતુ મૌરત....."

"મંગળભાઈ, તમારા મ્હારાજ પાસે મોટર ગાડી છે?"

"હા. હમણાં ગયા વર્ષે જ એમણે નવી મોંઘામાંની એ.સી વાળી ગાડી લીધી."

"ડ્રાયવર છે? ભલુ હશે તો એમનાં છોકરાં પણ કોઈ મોટી અંગ્રેજી શાળામાં ભણતાં હશે."

"હા સાહેબ, ડ્રાયવર છે. અમારા ગામનો ધનીયો એમને જ્યારે ક્યાંક જવું હોય ત્યારે ડ્રાયવર તરીકે જાય છે. મ્હારાજ બાપા પાસેથી એ પગારના પૈસા પણ લેતો નથી. અને સાહેબ, થોડા વખત પહેલાં મ્હારાજે પોતાનું જુનુ ઘર તોડીને ત્યાં મોટો બંગલો બાંધી દીધો છે. અને હા, તમે કહો છો તેમ, એમનાં છોકરાં પણ મોટા શહેરની કોઈક મોંઘી બૉર્ડીન્ગમાં રહીને અંગ્રેજી સ્કુલમાં ભણે છે."

"મંગળભાઈ, આ મ્હારાજ બહુ ભણેલા કોઈ મોટા ડૉકટર છે? કોઈ મોટા એન્જીનીયર છે? એમની પાસે આટલા બધા પૈસા આવ્યા કેવી રીતે? તમારા જેવા ગામ લોકો પાસે હોમહવન કરાવીને એ કમાય છે. ભગવાન કે માતાજીનું નામ લઈ દોરાધાગા બાંધે છે. અને તમે બધા બહુ રાજીખુશીથી ભગવાનના નામે પૈસા આપો છો. બરાબર? તમે આ બધા હોમહવન તમારા ઘરમાં તમારી જાતે જ કેમ નથી કરતા?"

"સાહેબ, તમે કેવી વાત કરો છો? હું હોમહવન કેવી રીતે કરુ? એ બધી પુજા મને ક્યાંથી આવડે? મ્હારાજ તો કેટલા બધા શ્લોક બોલતા હોય છે. એટલે પુજા તો બ્રાહ્મણ જ કરે ને? "

"ના. એવું કોઈ ઠેકાણે, કોઈ શાસ્ત્રમાં લખેલું નથી. હજારો વર્ષથી આ અંધ શ્રધ્ધા ઉભી કરવાંમાં આવી છે. મ્હારાજ જે કંઈ શ્લોકો બોલતા હશે એમાંનું તમે કંઈ સમજતા નહી હો. કદાચ મ્હારાજ પોતે પણ અરધું તો નહી સમજતા હોય. છતાં તમારા જેવા ભોળા લોકો આ બધું માનતા આવ્યા છે કે શ્લોકો અને સંસ્કૃત ભાષા શીવાય ભગવાનની પુજા ના થાય. પણ એવું કંઈ નથી. તમે જો ભગવાનમાં માનતા હો તો તમારા ભગવાવની પુજા, પ્રાર્થના, હોમહવન વગેરે તમારે પોતે જ, પોતાની રીતે, જે રીતે આવડે તે રીતે, કોઈ જાતના દોરાધાગા વગર ... બધું કરવું જોઈએ. ભગવાન તો પ્રેમાળ અને દયાળુ પીતા ગણાય છે. એ તો બહુ વ્હાલથી પોતાના બાળકનું જેવું હોય તેવુ સ્વીકારી લે છે. ભુલ થતી હોય તો માફ પણ કરી દે છે. ગૉર મ્હારાજ જેવા આડતીયા કે દલાલને વચમાં લાવવાની જરુર ખરી? મંગળભાઈ, કેટલાય સમજદાર લોકો છે કે જે આ બધી અંધશ્રધ્ધામાં પડતા જ નથી. પોતાના ઘરના લગ્ન પ્રસંગોમાં પણ બ્રાહ્મણને બોલાવતા નથી. કન્યાના મામા કે કોઈ વડીલ કન્યાદાન આપે છે. બસ. પછી લગ્નના ગરબા, સંગીત અને ભોજન માણી સૌ છુટાં પડે છે.

મંગળભાઈ, આ પુજા, આરતી, હવન હોમ એ બધા વીષે કબીર સાહેબ શું કહે છે તે તમને હીન્દીમાં સંભળાવું :

**પુજા સેવા નેમ વ્રત, ગુડીયન કા સા ખેલ**
**જબ લગ પીયા પરખૈ નહી, તબ લગ સંસય મેલ**

આ પુજા આરતી નીયમો અને વ્રત વગેરે નાનાં છોકરાંની ઢીંગલા–ઢીંગલીની રમત જેવું છે. જ્યાં સુધી પશુપંખી અને સામા માણસમાં રહેલા સાચા ભગવાનને ઓળખીએ નહી ત્યાં સુધી બધુ નકામું છે." વાતોમાં ને વાતોમાં મારું ઘર આવી ગયુ. પૈસા ચુકવીને મંગળદાસને છુટા કરવાનો વખત આવી ગયો. ગાડીનું બારણું ખોલી હું બહાર નીકળ્યો. મંગળભાઈએ મારી બેગ ઉપાડી ઘરમાં મુકવા આવ્યા.

"મંગળભાઈ, કેટલા પૈસા થયા?" હીસાબ કરીને મંગળભાઈએ આંકડો આપ્યો. મેં પૈસા ચુકવ્યા.

"આવજો મંગળદાસ. ફરી કોઈ વાર મળીશું તો આનંદ થશે." હું ઘરમાં જવા લાગ્યો.

"ઊભા રહો સાહેબ. હું શું કરું છું તે જુઓ."

હું થંભી ગયો. મંગળદાસે એમના હાથ ઉપરના દોરા ધાગા એકદમ તોડી નાખ્યા. ગળામાં કંઈક હતું તે પણ તોડી નાખ્યુ. અને બધુ દુર ફેંકી દીધું. હું અચંબાથી જોતો રહી ગયો.

"સાહેબ, હવેથી આ શરીર ઉપર કોઈ દોરો ધાગો નહી બંધાય. તમે મારી અંધશ્રધ્ધાની કાંચળી ઉતારી નાખી. મને અજવાળુ દેખાડ્યું. આજથી હું કબીરનો ચેલો. પણ સાહેબ, તમારે કબીરજી વીષે મને હજુ વધારે કહેવું પડશે."

"જરુર ...જરુર ...મંગળભાઈ. હું હજી એક મહીનો અહીં રહેવાનો છું. આપણે મળીશું." મેં પ્રેમથી મંગળભાઈને આલીંગન આપ્યુ. અને ઘરમાંથી કબીરસાહેબના દોહાની એક નાની ચોપડી લાવી એમના હાથમાં મુકી. ❑